Extra No. 297

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] Wednesday, AUGUST 20, 2025 / SRAVANA 29, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// **વંચાણે લીધા** //

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/ગણેશ ઉત્સવ/જાહેરનામું/૧૭૫૪/૨૦૨૫, તા.૧૮/૦૬/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૭૫૧૩ થી ૭૫૪૭/૨૦૨૫, તા.૨૫/૦૬/૨૦૨૫

(૩) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: એમએજી/વશી/૯૬૦૨-૨૫/૨૦૨૪, તા. ૧૯/૦૭/૨૦૨૪

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે બહાર પાડેલ

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૦૨૧૬ થી ૧૦૨૫૦ /૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તા.૨૭/૦૮/૨૦૨૫ ના રોજ ભગવાન શ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે જ્યારે પ્રતિમાઓનું વિસર્જન સરઘસ અને શોભાયાત્રા સાથે તા.૦૬/૦૯/૨૦૨૫ ના રોજ નીકળનાર છે. આ મહોત્સવ અગાઉ મૂર્તિકારો દ્વારા બનાવવામાં આવતી મૂર્તિઓના કદ બાબતે ઉંચાઈનું યોગ્ય અને નિયત ધોરણ જાળવી રાખવામાં આવે તો વિસર્જન પ્રક્રિયા સરળતાથી થાય અને વિસર્જન શોભાયાત્રા દરમ્યાન ટ્રાફિક સરળતાથી ચાલુ રહે અને કાયદો વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય. તેમજ મૂર્તિની બનાવટમાં બીજા ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય એવા કોઈ ચિન્હો કે નિશાની રાખવામાં ન આવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ઉપરાંત મૂર્તિ બનાવવા માટે કેમિકલયુક્ત રંગોનો ઉપયોગ થતો હોય, આવી મૂર્તિઓને નદી તથા તળાવના પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતાં પ્રાણીજન્ય જીવો અને માછલીઓને પણ નુકશાન થાય છે.

જેથી પાણી તથા પર્યાવરણમાં થતા પ્રદૂષણને અટકાવવા કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ વખતો-વખતના ઠરાવો અને નામદાર સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા મૂર્તિઓના વિસર્જન અંગે આપવામાં આવેલ ગાઈડલાઈનને ધ્યાને રાખવી જરૂરી છે તેમ જણાવી સદરહુ તહેવાર દરમ્યાન અમુક કૃત્યો બાબતે પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે ધ્યાને લઈ અત્રેની કચેરીના સંદર્ભ-(૨)ના હુકમથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું.

સદરહુ જાહેરનામાની મુદ્દા તા.૨૦/૦૮/૨૦૨૫ ના રોજ પૂર્ણ થતી હોય, પુન: જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ તથા આમુખ-(૨)થી મને મળેલ સત્તાની રૂએ આગામી ગણેશ મહોત્સવ તહેવારના સંદર્ભે નીચે મુજબ હુકમ કરૂં છું.

:: પ્રતિબંધિત કૃત્યો :-

(૧) મૂર્તિઓની બનાવટમાં કુદરતી વસ્તુઓનો અને ધાર્મિક રીતે પ્રણાલિકાગત ચીકણી માટીનો ઉપયોગ કરવો. ભઠ્ઠીમાં શેકેલી ચીકણી માટી કે પ્લાસ્ટર ઓફ પેરિસ(પી.ઓ.પી.)નો ઉપયોગ કરવો નહીં.

(૨) મૂર્તિઓની બનાવટમાં મૂર્તિઓ પાણીમાં સહેલાઈથી ઓગળી શકે તેવા બિન ઝેરી કુદરતી રંગનો જ ઉપયોગ કરવો. ઝેરી કે કેમિકલયુક્ત રંગોથી મૂતિઓને કલર કરવો નહીં.

(૩) મૂર્તિઓની બનાવટમાં ઘાસ, લાકડા, બાંબુને બાધ આપવામાં આવે છે.

(૪) શ્રી ગણેશજીની મૂર્તિ બેઠક સહિતની ૯(નવ) ફૂટ કરતાં વધારે ઉચાઈની બનાવવી, વેચવી કે સ્થાપના કરવી નહીં(તમામ મૂર્તિઓનું વિસર્જન કૃત્રિમ તળાવમાં કરવાનું રહેશે). મૂર્તિઓની ઉચાઈ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડની તા.૧૨/૦૫/૨૦૨૦ ની રીવાઈઝ્ડ ગાઈડલાઈન મુજબ હોવી જોઈશે.

(૫) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવે છે તે જગ્યા તથા વેચાણની જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ટ્રાફીકને અડચણ થાય તે રીતે ખુલ્લી રાખવી નહીં.

(૬) મૂર્તિઓનું વેચાણ થયા બાદ વધેલી ખંડિત મૂર્તિઓને બિનવારસી હાલતમાં છોડીને જવું નહીં.

(૭) મૂર્તિઓની બનાવટમાં કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય તેવા કોઈ ચિન્હો કે નિશાનીઓવાળી મૂર્તિઓ બનાવવી, ખરીદવી, વેચવી કે સ્થાપના કરવી નહીં.

(૮) નર્મદા જિલ્લાની બહારથી મૂર્તિઓ લાવી વેચનાર મૂર્તિકારો/વેપારીઓને પણ આ નિયમો લાગુ પડશે.

(૯) ગણેશ સ્થાપના પહેલાં તથા વિસર્જન પૂર્ણ થયા બાદ તમામ મંડપો એક દિવસ કરતાં વધારે દિવસ સુધી રાખવા નહીં.

(૧૦) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર વિસર્જન કરવું નહીં.

(૧૧) મૂર્તિકારો તથા ધાર્મિક સંગઠનોએ મૂર્તિ બનાવવા તેમજ મૂર્તિઓની પૂજા-પાઠ માટે વાપરવામાં આવતી વસ્તુઓ બાબતે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગ) તરફથી તા.૧૨/૦૫/૨૦૨૦ ની આ સાથે સામેલ રીવાઈઝ્ડ ગાઈડલાઈનનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

વિસ્તાર

આ જાહેરનામું નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી તા.૨૧/૦૮/૨૦૨૫ થી તા.૦૭/૦૯/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫.

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
નર્મદા - રાજપીપળા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 13:43:49 IST